**Current affairs 59 (2) સામાન્ય જ્ઞાન 18-4-2017** 

## રાષ્ટ્રીય

૧) વિશ્વ બેંકના રીપોર્ટ ગ્લોબલાઈઝેશન બેંકલેશ અનુસાર ભારતની વર્ષ 2017–18 ની અર્થવ્યવસ્થાની વૃદ્ધિ 7.2 રહેશે.

૨) માનવ સંસાધન અને વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે આર.યુ.એસ.એ. પોર્ટલ અને મોબાઈલ એપનો શુભારંભ કરેલ છે.

૩) ભોપાલના હબીબગંજ સ્ટેશનને ખાનગી કંપનીને સોંપવામાં આવેલ છે, જે હવેથી તેનું સંચાલન કરશે.

૪) હાલમાં આર.આર.હનચિલનને એમ.એસ.સ્વામીનાથન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૫) મણીપુરના મુખ્યમંત્રી એન.બીરેનસિંહે ભ્રષ્ટાચારને રોકવા માટે અને સરકારી ગતિવિધિઓને ટ્રેક કરવા માટે બે વેબ એપ્લીકેશનની શરૂઆત કરેલ છે.

૬) તૃપ્તિ જૈને વર્ષ 2017 નો પ્રતિષ્ઠિત કાર્ટીયર મહિલા પહેલ પુરસ્કાર જીતેલ છે.

૭) આર.યુ.એસ.એ.નું પુરુનામ થાય છે, રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન.

૮) અરુણાચલ પ્રદેશમાં ગિરિરાજ સિંહે રાજ્યમાં જૈવ મિશનનો પ્રારંભ કરેલ છે.

૯) 15 એપ્રિલ 2017 ના રોજ દેશના પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી પેમા ખાંડુના નેતૃત્વમાં આ જૈવિક મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

૧૦) 10 એપ્રિલ 2017 ના રોજ ફિલ્મ અભિનેત્રી આશા પારેખની આત્મકથા 'ધ હીટ ગર્લ'નું મુંબઈમાં લોન્ચિંગ કરવામાં આવેલ છે.

૧૧) આગામી સમયમાં આશા પારેખ પોતાની બુક્સને દિલ્હીમાં લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય

૧૨) દરેક દેશની અર્થવ્યવસ્થાનો તુલનાત્મક અભ્યાસ વિશ્વ બેંક જે ગ્લોબલાઈઝેશન બેંકલેશ રિપોર્ટ બહાર પાડે છે, તે અનુસાર થાય છે.

18-4- 2017

૧૩) હાલ નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી ભારતના પ્રવાસે પાંચ દિવસ માટે આવેલ છે.

૧૪) નેપાળ દેશનું વડુંમથક કાઠમંડુ છે, તેના પ્રધાનમંત્રી પુષ્પ કમલ દહલ પ્રચંડ છે.

## રમત–જગત

૧૫) ભારત અને ઓસ્ટ્રેલીયાએ 13 એપ્રિલ 2017 ના રોજ રમત–ગમતના વિકાસ માટે પાંચ પ્રકારના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

૧૬) પનામાના આંતરરાષ્ટ્રીય ફૂટબોલર એમીલકાર હેનરી ક્વેઝની કોલોન શહેરમાં ગોળીમારી હત્યા કરી નાંખવામાં આવી છે.

૧૭) પંકજ અડવાણીએ પોતાનો છઠ્ઠો એશિયન બિલિયર્ડ્સ ખિતાબ અને સાતમી એશિયાઈ ચેમ્પિયનશીપ જીતેલ છે.

## અન્ય

૧૮) હાલમાં નાણા મંત્રાલય દ્વારા ઈ.પી.એફ. પર 8.65 ટકા વ્યાજદરની મંજુરી આપવામાં આવી છે.

૧૯) ટ્રાન્સજેન્ડર મતદાતાની નોંધણી કરનાર મહારષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બનવા પામેલ છે.

૨૦) ફોર્બ્સની સુપર રીચ અન્ડર 30 માં 50 ભારતીયોનો સમાવેશ કરવામાં આવેલ છે.

18-4- 2017

# સમીક્ષા 261 (1) તારીખ 18/4/2017

## હનચિલનને એમ.એસ.સ્વામીનાથન એવોર્ડ એનાયત થયો...

૧) કૃષિક્ષેત્રમાં યોગદાન આપનાર પ્રતિષ્ઠિત એમ.એસ.સ્વામીનાથન પુરસ્કાર ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે.

૨) હાલમાં આ પુરસ્કાર આર.આર.હનચિલનને આપવામાં આવેલ છે, તેઓ ભારત સરકારના છોડની જાતોના સંરક્ષણ અને કિસાન અધિકાર પ્રાધિકરણના અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે.

૩) તેણે ગરમ અને શુષ્ક વાતાવરણમાં પાકની સુધારણા માટે કાર્ય કરેલ છે.

૪) આ ઉપરાંત બીજ ઉત્પાદન ટેકનીક અને છોડની જાતોમાં બૌદ્ધિક સંરક્ષણ અધિકારમાં યોગદાન માટે પણ સન્માનિત કરવામાં આવેલ.

૫) આ પુરસ્કાર સેવા નિવૃત આઈ.સી.એ.આર. કર્મચારી સંઘની સાથે નુંજેવેડ સીડ્સ લીમીટેડ સાથે મળીને પ્રદાન કરવામાં આવે છે.

૬) આ પુરસ્કાર એમ.એસ.સ્વામીનાથનના નામ પર છે, જે એક ભારતીય આનુંવાંશીક અને આંતરરાષ્ટ્રીય પ્રશાસક હતા.

૭) ટૂંકમાં કૃષિ ક્ષેત્રમાં પ્રદાન બદલ અ પુરસ્કાર આપવામાં આવે છે.

**– પરેશ ચાવડા**

18-4- 2017

**રોજે– રોજ આપના ફોનમાં જી.કે, કરંટ અફેર્સ મેળવવા નીચેની લીંક પરથી એપ ડાઉનલોડ કરો.**

https://play.google.com/store/apps/details?id=com.edusafar

**10 થી 12 એપ્રિલ 2017 નો કરંટ અફેયર્સનો વિડીયો**

https://www.youtube.com/watch?v=OXV9JQ7Ba5Q

**સામાજિક સુધારાઓ ઈતિહાસ ભાગ –14**

https://www.youtube.com/watch?v=18lDgM0K9D0

**બ્લડ રીલેશન ભાગ 2 માટેનો સ્પેશ્યલ વિડિયો અહીંથી જુઓ**

https://www.youtube.com/watch?v=P82SVL-LKuQ

**સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા ભાગ –3 સ્પેશીયલ વિડીયો**

https://www.youtube.com/watch?v=HK_ZQogJVvA

**બેસ્ટ જીકે વિડીયો માટે નીચેની લીંક ઓપન કરો.**

https://www.youtube.com/channel/UCfDAM9P2RF_ynz8B_j5enC

**મિત્રો, એજ્યુસફર દ્વારા GK ના વિડીયો અપલોડ કરવામાં આવ્યા છે આ માટે YouTube પર જઇ, EduSafar લખી સર્ચ કરી, ચેનલ સબસ્ક્રાઈબ કરશો જેથી GK વિડીયો ના નવા અપડેટ્સ મેઈલ પર મળતા રહેશે.**